Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

અબ તો એક ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-52 ■ તા. 31-12--2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# મોદીએ અયોધ્યામાં સ્ટેશન-એરપોર્ટનું ઉદઘાટન કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અયોધ્યા પ્રવાસે છે. અહીં તેમણે ૮ કિલોમીટર લાંબો રોડ શો કર્યો હતો. લોકોએ તેમના પર ફૂલોની વર્ષા કરી. આ પછી તેમણે અયોધ્યા સ્ટેશનનું ઉદઘાટન કર્યું. ૬ વંદે ભારત અને ૨ અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી આપી. મોદી એક દલિત ધનીરામ માંઝીના ઘરે પણ પહોંચ્યા. આ પછી તેમણે મહર્ષિ વાલ્મીકિ ઈન્ટરનેશનલ એરપોર્ટ અયોધ્યા ધામનું ઉદઘાટન કર્યું. આ સિવાય તેમણે ૧૫, ૭૦૦ કરોડ રૂપિયાનાં ૪૬ વિકાસકાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આજે અયોધ્યામાં પ્રગતિનો ઉત્સાહ છે, થોડા દિવસો પછી પરંપરાની ઉજવણી થશે. સંપૂર્ણ સમાચાર વિગતવાર વાંચવા અહીં ક્લિક કરો..અયોધ્યાને ભારતનું સૌથી સ્વચ્છ શહેર બનાવવાની અપીલ કરી. તેમણે કહ્યું કે આ માટે સ્થાનિક લોકોએ પગલાં ભરવા પડશે. પીએમે કહ્યું, દેશભરના લોકોને પ્રાર્થના છે કે મકરસંક્રાંતિના દિવસથી નાના તીર્થસ્થળો પર સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવે. આ ઝુંબેશ ૧૪ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી ચલાવવામાં આવશે. ભગવાન રામ દરેકના છે. તેથી દેશના તમામ તીર્થસ્થળો સ્વચ્છ હોવા જોઈએ. ગંદા ન હોવા જોઈએ.મોદીએ કહ્યું- અયોધ્યામાં જે નિર્માણ થઈ રહ્યું છે તેનાથી દરેક રામ ભક્ત માટે ભગવાનના દર્શન કરવાનું સરળ બનશે. આ ઐતિહાસિક ક્ષણ આપણા જીવનમાં સદભાગ્યે આવી છે. આપણે દેશ માટે સંકલ્પ લેવો પડશે. તમારી જાતને નવી ઊર્જાથી ભરી દો. ૨૨મી જાન્યુઆરીએ ભગવાન રામ જયારે અયોધ્યામાં બિરાજમાન છે ત્યારે રામ જ્યોતિ પ્રગટાવવા માટે હું ભારતના ૧૪૦ કરોડ દેશવાસીઓને હાથ જોડીને પ્રાર્થના કરું છું. દિવાળી ઉજવો. ૨૨ જાન્યુઆરીએ દરેક વ્યક્તિ માટે અયોધ્યા આવવું શક્ય નથી. અહીંના સમગ્ર કાર્યક્રમ બાદ પરિવાર સાથે અયોધ્યા ચોક્કસ આવો. પ્રભુ રામને તકલીફ થાય, એવું આપણે ભક્તો ક્યારેય સહન કરી શકીશું નહીં. આપણે ૫૫૦ વર્ષ રાહ જોઈ, થોડાં દિવસો વધુ રાહ જોઇ લો.મોદીએ કહ્યું- અહીં દરેક પ્રકારનું કામ કરતા નાના દુકાનદારોની આવક વધશે. વંદે ભારત, નમો ભારત પછી દેશને બીજી આધુનિક ટ્રેન મળી છે. તેનું નામ અમૃત ભારત રાખવામાં આવ્યું છે. આ ત્રણેય ટ્રેનોની ત્રિપુટી ભારતીય રેલવેની કાયાકલ્પ કરવા જઈ રહી છે. આનાથી વધુ આનંદની વાત શું હોઈ શકે કે આ પહેલી અમૃત ભારત અયોધ્યામાંથી પસાર થઈ રહ્યું છે. આનાથી રામલલ્લાના દર્શન વધુ સરળ બનશે.મોદીએ કહ્યું- અમે અયોધ્યાને સ્માર્ટ બનાવી રહ્યા છીએ. આજે અહીં રસ્તા પહોળા કરવામાં આવી રહ્યા છે, ફૂટપાથ અને ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યા છે. તેને આસપાસના જિલ્લાઓ સાથે જોડવા માટે પરિવહનના માધ્યમોમાં સુધારો કરવામાં આવી રહ્યો છે. મને ખુશી છે કે એરપોર્ટનું નામ મહર્ષિ વાલ્મીકિના નામ પર રાખવામાં આવ્યું છે. તેમણે રામાયણ દ્વારા અમને રામનો પરિચય કરાવ્યો. તેના માટે રામે કહ્યું હતું - તુમ ત્રિકાલ દર્શિ મુનિનાથા, બિસ્વ બદર જીમી તુમ્હારે હાથા. આવા મહર્ષિનું નામ એરપોર્ટ પર આવતા દરેક મુસાફરને આશીર્વાદ આપશે. રામાયણ એ જ્ઞાનનો માર્ગ છે જે આપણને ભગવાન શ્રી રામ સાથે જોડે છે. આ એરપોર્ટ વિશ્વને દિવ્ય ભવ્ય-નવા રામ મંદિર સાથે જોડશે.મોદીએ કહ્યું- પ્રાચીન સમયમાં અયોધ્યા કેવી હતી? મહર્ષિ વાલ્મીકિએ પોતે તેનું વિગતવાર વર્ણન કર્યું છે. તેઓ કહે છે કે મહાન અયોધ્યા સંપત્તિથી ભરેલી હતી અને સમૃદ્ધિની ટોચ પર હતી. અહીં માત્ર જ્ઞાન અને ત્યાગ જ નહીં, વૈભવ પણ ચરમસીમાએ હતો. આપણે એ ઓળખને આધુનિકતા સાથે જોડીને આગળ લાવવી પડશે.પીએમ મોદીએ કહ્યું કે આખી દુનિયા ૨૨ જાન્યુઆરીની ઐતિહાસિક ક્ષણની રાહ જોઈ રહી છે. અયોધ્યાના લોકોમાં આ ઉત્તેજના અને ઉત્સાહ સ્વાભાવિક છે. હું ભારતની માટી અને કણ-કણનો જન-જનનો ઉપાસક છું. હું તમારા જેવો જ ઉત્સુક છું. થોડા સમય પહેલા અયોધ્યાના રસ્તાઓ ઉપર પણ ઉત્સાહ પૂરેપૂરો દેખાઈ રહ્યો હતો. એવું લાગી રહ્યું હતું કે જાણે આખું અયોધ્યા શહેર રસ્તા પર આવી ગયું હતું. આ પ્રેમ અને આશીર્વાદ માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. જય સિયાવર રામચંદ્ર...ના પીએમ મોદીએ ત્રણવાર નારા લગાવ્યા. ૩૦મી ડિસેમ્બરની તારીખ ખૂબ જ ઐતિહાસિક છે. ૧૯૪૦માં નેતાજીએ આંદામાનમાં ધ્વજ લહેરાવીને ભારતને વધાવ્યું હતું. આઝાદી સાથે જોડાયેલા આવા શુભ દિવસોમાં આપણે આઝાદીના અમૃતને આગળ લઈ જઈએ છીએ.

---

### લાયન્સ ક્લબ ફેમીના ગાંધીનગર તથા કડી સર્વે વિધાલય એમ.બી પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ ના સંયુક્ત ઉપક્રમે

## બોરીજ ગામની સરકારી શાળા મા એન.એસ.એસ.કેમ્પ નુ આયોજન કરવા મા આવેલ છે ફેમીના કલબ તરફ થી આ કેમ્પ મા મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ ,આઈ ચેકઅપ કેમ્પ તથા ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમ યોજાયો

લાયન્સ ક્લબ ફેમીના ગાંધીનગર તથા કડી સર્વે વિધાલય એમ.બી પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ ના સંયુક્ત ઉપક્રમે બોરીજ ગામની સરકારી શાળા મા એન.એસ.એસ.કેમ્પ નુ આયોજન કરવા મા આવેલ છે ફેમીના કલબ તરફ થી આ કેમ્પ મા મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ ,આઈ ચેકઅપ કેમ્પ તથા ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમ રાખવા મા આવેલ . મેડિકલ કેમ્પ મા હૃદયરોગ નુ નિદાન, આંખો ની તપાસ, નાક કાન ,ગળા તથા દાંત ની તપાસ નુ આયોજન SCIA સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ના સહયોગ થી કરવા મા આવેલ. આ કેમ્પ બોરીજ ગામ ની જનતા ,એમ બી પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કુલ ના NSS કેમ્પ ના વિધાર્થીઓ તથા બોરીજ સરકારી શાળા ના બાળકો માટે હતો .SCIA હોસ્પિટલ ના ડૉ. બોની ગજજર તથા ડો દેવી ગજજર એ કેમ્પ મા સેવા આપેલ. શ્રદ્ધાદિપ દાંત ની હોસ્પિટલ માથી ડૉ.બિંદીબેન પંડયા અને ડૉ.મીહીર પંડયા તથા ડૉ.ચતુર ભાઈ અને ડૉ. ઉવિશ ભાઈ સેવા આપેલ. હૃદય ના રોગ ની તપાસ કરતા પાંચ દર્દી જણાયા તો તેમને આગળ સારવાર માટે નિદાન કરવા મા આવેલ .ડો.બિંદીબેન વિધાર્થીઓ ને ડ્રગ્સ અવેરનેસ થી માહિતગાર કર્યા તથા ડ્રગ્સ નુ,સેવન એ કેટલુ ઘાતક છે એની માહિતી આપી .ડૉ દેવી ગજજર એ પણ વિધાર્થીઓ ને એન.એસ.એસ કેમ્પ તથા જીવન મા ભણતર કેટલુ મહત્વ નુ છે એની સચોટ માર્ગદર્શન કરેલ .આ કેમ્પ ના ઉદ્ઘાટન સમયે ફેમીના કલબ ના પ્રમુખ ચંદાબેન યાદવ ,એમ .બી.પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કુલ ના પ્રિન્સિપલ અર્પિત ક્રિશ્ચિયન સર , બોરીજ ની શાળા ના પ્રિન્સિપલ, એમ.બી.પટેલ સ્કૂલ ના શિક્ષક ડૉ. વર્ષાબેન પારેખ તથા કલબ મેમ્બર્સ ઉપસ્થિત રહેલ. કેમ્પ મા ૪૫૦ દર્દીઓની તપાસ કરવા મા આવેલ તથા કડી ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ ના NSS કેમ્પ ના પણ ૧૦૦ વિધાર્થીઓ એ પણ મેડિકલ કેમ્પ નો લાભ લીધેલ .

---

## ૧ ફેબ્રુઆરીથી ૨૯ ફેબ્રુઆરી સુધી મળશે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર :- અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત વિધાનસભાના ચોથા સત્રનું આહવાન કર્યું છે. જેથી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર ૧ ફેબ્રુઆરી થી ૨૯ ફેબ્રુઆરી સુધી સમગ્ર મહિના દરમ્યાન ચાલશે. જેમાં વિધાનસભામાં રાજ્ય સરકાર બજેટ રજૂ કરશે. જ્યારે કામકાજના કુલ ૨૪ દિવસોમાં કુલ ૨૬ બેઠકો મળશે.

વિધાનસભાના ચોથા સત્રને લઈને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી જણાવ્યું હતું કે આગામી ૧ ફેબ્રુઆરીથી ગુજરાત રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. જેથી વિધાનસભા બજેટ સત્રને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં બીજી ફેબ્રુઆરીના રોજ બજેટ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવશે. રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર ત્રણ દિવસ ચર્ચા

ચાલશે. ચાર દિવસ બજેટ ઉપર સામાન્ય ચર્ચાઓ થશે. જ્યારે ૧૨ દિવસ વિવિધ વિભાગની માંગણીઓ પર ચર્ચા થશે. આમ સમગ્ર ફેબ્રુઆરી માસ દરમ્યાન વિધાનસભા સત્ર ચાલશે.વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતની વિધાનસભા હવે ફિઝિકલમાંથી ડિજિટલ બની છે. વિધાનસભા કામગીરી ડિજિટલ રીતે ચાલે તે માટે તમામ ધારાસભ્યોને તાલીમો પણ અપાઈ છે. આ સત્ર દરમિયાન તમામ ધારાસભ્ય તારાંકિત પ્રશ્નો ઓનલાઈન પૂછશે.

## પાકિસ્તાન હાફિઝ સઈદ ભારતને નહીં સોંપે:પાક વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું- બંને દેશો વચ્ચે કોઈ પ્રત્યાર્પણ સંધિ નથી

પાકિસ્તાને ૨૬/૧૧ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદના પ્રત્યાર્પણની માંગને ફગાવી દીધી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે શુક્રવારે કહ્યું કે ભારતે 'કથિત મની લોન્ડરિંગ'ના કેસમાં હાફિઝ સઈદના પ્રત્યાર્પણની માંગ કરી છે.જ્યારે પત્રકારોએ તેમને પૂછ્યું કે શું પાકિસ્તાન હાફિઝ સઈદને ભારતને સોંપશે કે નહીં. આના જવાબમાં ઝહરાએ એટલું જ કહ્યું કે બંને દેશો વચ્ચે કોઈ પ્રત્યાર્પણ સંધિ નથી. જો કે, હાફિઝ સઈદના પ્રત્યાર્પણને લઈને પાકિસ્તાને હજુ સુધી ભારતને કોઈ સત્તાવાર જવાબ આપ્યો નથી. મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મિનલની છે.૨૬/૧૧ના હુમલા દરમિયાન બે આતંકવાદીઓ મુખ્ય હોલમાં ઘૂસી ગયા હતા અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો. પંદર મિનિટમાં તેણે ૫૮ લોકોને માર્યા અને ૧૦૯ને ઘાયલ કર્યા હતામુંબઈના છત્રપતિ શિવાજી ટર્મિનલની છે.૨૬/૧૧ના હુમલા દરમિયાન બે આતંકવાદીઓ મુખ્ય હોલમાં ઘૂસી ગયા હતા અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો. પંદર મિનિટમાં તેણે ૫૮ લોકોને માર્યા અને ૧૦૯ને ઘાયલ કર્યા હતા.ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે ભારતે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયને સત્તાવાર રીતે આતંકી હાફિઝ સઈદને ભારતને સોંપવાની માંગ કરી છે. આ માટે જરૂરી દસ્તાવેજો પાકિસ્તાન સરકારને મોકલવામાં આવ્યા છે. બાગચીએ કહ્યું- તે વૈશ્વિક આતંકવાદી છે અને ભારતમાં વોન્ટેડ છે. અમે દસ્તાવેજોમાં તે તમામ કેસોનો ઉલ્લેખ કર્યો છે જેમાં હાફિઝ વોન્ટેડ છે.૨૮ ડિસેમ્બરે પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો હતો કે પાકિસ્તાને ભારત પાસેથી હાફિઝ સઈદના પ્રત્યાર્પણની માંગ ઉઠાવી હતી.

તંત્રી લેખ.....

# સાઉદી અરબના બજારમાં બાંગ્લાદેશી મસાલાની માંગ વધતા ભારતને ટેન્શન

ભારતના મસાલા સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે અને તેને ઘણા જ પસંદ કરવામાં આવે છે. ભારતને સ્પાઇસ કિંગ કહેવામાં આવે છે તેને કારણે ગ્લોબલ માર્કેટમાં ભારતના મસાલાઓની માંગ ઘણી વધારે છે. જોકે એક રિપોર્ટ સામે આવી છે જેનાથી ભારતને આંચકો લાગી શકે છે. ભારતના મસાલા દુનિયાના અન્ય દેશોમાં મોકલવામાં આવે છે જેમાં સાઉદી અરબ પણ એક મોટું ખરીદદાર છે.જોકે ભારતને હવે સાઉદી અરબમાં બાંગ્લાદેશ પાસેથી પણ જબરદસ્ત ટક્કર મળી રહી છે. બાંગ્લાદેશના એક્સપોર્ટ પ્રમોશન બ્યુરોની રિપોર્ટ અનુસાર બાંગ્લાદેશે આ વર્ષે જુલાઈ અને નવેમ્બર મહિના વચ્ચે ખાડી દેશોને ૧૪૧ કરોડ રૂપિયાથી પણ વધુના મસાલાઓની નિકાસ કરી છે તેમાં અડધાથી વધુ કિંમતનો મસાલો એકલા સાઉદી અરબમાં જ મોકલ્યો છે. આ રીતે સાઉદી અરબ બાંગ્લાદેશી મસાલાઓ માટે એક મોટું બજાર બની રહ્યું છે. બાંગ્લાદેશની ફૂડ કંપની બીડી ફૂડના એક્સપોર્ટ હેડ મોહમ્મદ સજાદુલ કરીમે જાણકારી આપી હતી કે સાઉદી અરબ ખાડી ક્ષેત્રમાં અમારો સૌથી મોટો નિકાસકાર દેશ છે. તેના બાદ સંયુક્ત આરબ અમીરાત, જોર્ડન અને ઓમાનનો નંબર આવે છે.તેમણે જણાવ્યું હતું કે સાઉદી અરબમાં અમારા મસાલાઓની માંગ વધી રહી છે. આમારા તમામ ગ્રાહકો તાજેતરના વર્ષોમાં શ્રેષ્ઠ ગુણવત્તાવાળા ઉત્પાદનોનો ઉપયોગ કરી રહ્યા છે.અમારા મસાલા ભારતીય મસાલાઓને પાછળ છોડીને ખાડી દેશોના બજારોમાં પક્કડ જમાવી રહ્યા છે. મોહમ્મદ સજાદુલ કરીમે જણાવ્યું હતું કે અમારી પાસે સાઉદી અરબમાં મસાલાઓનું એક કેપ્ટિવ બજાર છે કેમકે દેશમાં ૨૬ લાખથી વધુ બાંગ્લાદેશી રહે છે. આ તમામ લોકો સાઉદી અરબમાં કામ કરે છે જે દેશના સૌથી મોટા પ્રવાસી શ્રમિક સંગઠનનો હિસ્સો છે. બાંગ્લાદેશની ફૂડ કંપની બીડી ફૂડ મુખ્ય રૂપથી હળદર મરચું, ધાણા જીરુના પાવડરનો નિકાસ કરે છે.

## પત્રાવળી-૨૬

રવિવારની સવાર
પત્રયાત્રીઓ,

અત્યાર સુધીમાં તો શબ્દ થાકી જાય એટલો એને વાગોળ્યો અને પંપાળ્યો, નહીં? એટલે આજે તો થયું, થોડી મૌન રહું! એટલે કે મૌન વિશે વાત કરું. પણ મિત્રો મારાં, આટલું વિચારું ત્યાં તો શબ્દો સ્વયંભૂ બનીને પોતે જ આવીને નાચવા માંડ્યા. ભમરાઓની જેમ ગુનગુન ગુનગુન કરવા મંડી પડ્યા. છેવટે મારે એની વાત માનવી જ પડી કે,

મૌનનો મહિમા ગાવો છે તારે પણ શબ્દો વિના તે કેમ ચાલે?
ભીતરના ભાવોને ગૂંથવાને માળા, ભાષા વિના તે કેમ ચાલે?

છતાં મૌનની ભાષા કેવી હોય છે એની એક વાત કરું. થોડાં વખત પહેલાં વાંચવામાં આવ્યું હતું. નેટજગતનો વ્યાપ હવે એટલો બહોળો થઈ ગયો છે કે, ક્યાં વાચ્યું હતું તે પણ યાદ કરવું પડે છે!
ખૂબ જાણીતી વાત છે કદાચ તમે સૌ પણ જાણતા હશો. મિત્રો, વાત એમ હતી કે, એક નવજાત બાળકને કોઈકે જંગલમાં ફેંકી દીધું. મૂંગા કૂતરાએ તે જોયું કે તરત જ બાળક પાસે જઈ તેની આસપાસ જાણે રક્ષણનું કવચ કરી શાંતિપૂર્વક બેસી ગયું. બેત્રણ દિવસ પછી કોઈ માનવીનો પગરવ સંભળાતા કૂતરાએ તરત જ ભસવાનું શરુ કર્યું. એટલું જ નહીં એ માણસનું વસ્ત્ર ખેંચી બાળક તરફ ખેંચી ગયું. સદભાગ્યે તે વ્યક્તિ એક સંતાનવિહોણી સ્ત્રી હતી. એ બાળકને ઘેર લઈ આવી. નવડાવી ધોવડાવી, કપડાં પહેરાવી દૂધ પીવડાવ્યું. કૂતરો આ બધું જોઈ રહ્યો હતો. ત્યાં જ બેસી રહ્યો હતો. જરાયે ન ખસ્યો. છેવટે એ સ્ત્રીએ ખુશીખુશી બંનેને ઘરમાં જ રાખ્યાં, કદાચ કાયદેસર દત્તક લીધા. કેવી હૃદયસ્પર્શી મૌન ઘટના !

એવો જ એક બીજો પ્રસંગ સાંભરે છે. વર્ષો વીત્યાં, લગભગ ચાળીસેક વર્ષ પહેલાં અમે હરદ્વાર ગયાં હતાં. પાછા વળતાં, યાદ નથી પણ કોઈ સ્ટેશને ટ્રેનની રાહ જોતાં હતાં. સ્ટેશનના 'ચાય ગરમ, ચાય ગરમ' મસાલેદાર ચનાચોરગરમપ એવાં જાતજાતના કોલાહલની વચ્ચે વાંદરાઓનાં ટોળેટોળાં ચારેબાજુ ધમાચકડી
મચાવતાં હતાં. અમારે રાહ જોયા સિવાય કોઈ છૂટકો ન હતો. થોડીવારમાં ગાડીની તીણી, લાંબી વ્હીસલ વાગી. પાટા પર કૂદતા બધા વાનરો આઘાપાછાં થઈ ગયા પણ તેમના બચ્ચાંઓ ત્યાંના ત્યાં. પણ ધસમસતી ગાડી પહોંચે અને બધાને રહેંસી નાંખે તે પહેલાં આંખના પલકારામાં, દરેક વાંદરા પોતપોતાનાં બચ્ચાંઓને સિફતપૂર્વક મોંમાં ઊંચકી ઝાડ પર ચડી ગયા ને કેટલાંક દૂર જતા રહ્યા !
બોલો, કોઈએ કોઈને કશું કહેવું નથી પડયું. બધી વ્યવસ્થા જાણે આપમેળે, બોલ્યા વગર જ થઈ ગઈ. આ છે મૌનની ભાષા.
પશુ–પંખીઓના અવાજ કે મૌનમાં પણ કેટકેટલા ભાવો પ્રગટ થાય છે?
જૂના જમાનાની માતાઓનાં મૌનમાં અને કામમાં જ સમગ્ર વહાલ સમાતું અનુભવ્યું છે ને? ત્યારે ક્યાં કોઈ 'લવ યૂ' જેવાં શબ્દો સંભળાતા !! અને હૈયામાંથી
નીકળતી મૌન પ્રાર્થનાની તો કંઈ કેટલી વાતો? આદરણીય કુન્દનિકાબેન કાપડિયાએ ખૂબ સુંદર વાત કહી છે કે, પ્રાર્થના જીવનનું એક જબરદસ્ત બળ છે.
વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા, શોકમાં ડૂબેલા, હતાશ, પોતાને અસહાય અને અંધકારમાં ખોવાયેલા મનુષ્યને, સાચા ઊંડા ભાવથી કરેલી મૌનપ્રાર્થના તેની
સ્થિતિમાંથી ઊંચકી લઈ એક મહાન ચૈતન્ય સાથે તેનો સંબંધ જોડી આપે છે.
મધર ટેરેસાએ પણ આવી જ વાત કરી છે ને કે, મૌનના ફળરૂપે પ્રાર્થના અને પ્રાર્થનાનું ફળ શ્રદ્ધા. શ્રદ્ધાનું ફળ પ્રેમ અને પ્રેમનું ફળ સેવા. રવીન્દ્રનાથ ટાગોર પણ અહીં યાદ આવ્યા વગર કેમ રહે? એમણે પણ લખ્યું છે કે, 'પગમાં દોરી ગૂંચવાઈ ગઈ હોય ત્યારે કૂદાકૂદ કરવાને બદલે શાંતિથી મૌનપણે, બેસીને ધીરજથી ઉકેલવી જોઈએ.'
મિત્રો, આવા સુવિચારો મૌનમાંથી જ પ્રગટતા હશે ને?
આમ, નબળી દલીલો કરતાં મૌન વિશેષ વજનદાર છે એ વાત તો એકદમ પાક્કી જ. પણ છતાં, અનુભૂતિઓને વહેંચવા માટે જરૂર પડે છે શબ્દોની..કોઈ પણ સ્વરૂપે.

રાજુલબહેન, તમે તો ફિલ્મોના રીવ્યૂ લખો છો ને સંવાદ વગર જ બનાવાતાં દૃશ્યો ઘણીવાર કેટલું બધું કહી જાય છે, નહીં? અને પ્રીતિબહેન તો વિશ્વના પ્રવાસમાંથી મૌનપણે ઘણુંયે આવું જોઈને માણતાં હશે. બરાબર ને?

આના સંદર્ભમાં આપણા માનીતા કવયિત્રી લતાબેન હીરાણીની એક કવિતા યાદ આવી.

હું ને મારા શબ્દો
બેઠાં સામસામે
હળવે હળવે રેલાઈ હૂંફ
ઉઘડ્યું અજવાળું
વાત જરાય માંડી ન'તી
બસ આંખ મળી
ને થયું ભળભાંખળું.
એક આકાર વચ્ચે વહ્યો
ન'તો સ્વર, ન વ્યંજન
પણ સંવાદ પથરાયો હળુહળુ.
ખ..ર..ર..ર..ખસ્યું અંધારું
ને હળવેકથી આવ્યું આકાશ
અમને લઈને ઊડયું,
ભીના વાદળો વચ્ચે
હીંચીએ હવે
હું ને મારા શબ્દો પપપપ

શ્રી શિવદેવ માનહંસની કવિતાના થોડાં નીચેના શબ્દો પણ આ જ વાતનું સમર્થન કરે છે કે,
પ્રેમ કેવળ મૌનની ભાષા જાણે છે.
એના તમામ ધ્વનિ
એના તમામ શબ્દો
એનાં વાક્યો
પ્રારંભે છે મૌનથી
અને
અનંત પામે છે મૌનમાં.– શિવદેવ માનહંસ (ભાષાઃ ડોગરી)

(અનુવાદઃ બાલકૃષ્ણ સોલંકી)
પ્રત્યુત્તરની રાહમાંપ..

દેવિકા રાહુલ ધ્રુવ

# ટેક હોમ રેશન અંતર્ગત છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષે અંદાજે ૪૦ લાખથી વધુને લાભાર્થીને અવિરત લાભ અપાયો

જાણીતા સમાજ સુધારક અને ચિંતક સ્વામી દયાનંદ સરસ્વતીજી મહિલાઓના સર્વાંગી વિકાસના પ્રખર હિમાયતી હતા. તેમણે મહિલાને શિક્ષિત બનાવવા પર ભાર મૂકતાં જણાવ્યું હતુ કે, મહિલાઓને શિક્ષિત અને સુસંસ્કૃત કરવાથી કરવાથી દેશની સાચી અને સંપૂર્ણ ઉન્નતિ શક્ય બનશે. સશક્ત સમાજના નિર્માણ માટે મહિલા સશક્તીકરણની દિશામાં ગુજરાતે નક્કર પગલાં લીધાં છે. વાઇબ્રંટ ગુજરાતના સફળ આયોજનોના પરિણામે ગુજરાતમાં મહિલાઓની ગરિમા, સુરક્ષા અને સમૃદ્ધિમાં ઉડીને આંખે વળગે એવુ પરિવર્તન જોવા મળી રહ્યું છે. ગુજરાત સરકારે દર બે વર્ષે યોજાતી વાઇબ્રંટ ગુજરાત સમિટમાં બાળકોનાં આરોગ્ય, પોષણ અને શિક્ષણની કાળજી લઈને ભવિષ્યની પેઢીના નિર્માણ દ્વારા સુવિકસિત ગુજરાતનો સંકલ્પપથ પ્રશસ્ત કરવાનુ કાર્ય કર્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રે વાઈબ્રન્ટ એવા ગુજરાતે મહિલાઓ અને બાળકોને પોષણક્ષમ બનાવવા માટે વ્યાપક અભિયાન ચલાવીને સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

રાજ્ય સરકારે મહિલાઓનાં સામર્થ્યને ઉજાગર કરવા માટે તથા બાળકોને પોષણક્ષમ બનાવવા માટે વિવિધ યોજનાઓ પરિણામલક્ષી રીતે કાર્યાન્વિત કરવા ઉપર વિષેશ ભાર મુક્યો છે. રાજ્ય સરકારની મહિલા અને બાળકોના સર્વાંગી વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગના નાણાકીય આયોજનની જ વાત કરીએ તો વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં મહિલા અને બાળ વિકાસ માટે રૂ. ૬,૦૬૪ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામા આવી છે.

આર્થિક પ્રગતિ માટે શારીરિક સ્વાસ્થ્ય અત્યંત અનિવાર્ય બાબત છે. સ્વસ્થ અને તંદુરસ્ત વ્યક્તિ જ સ્વસ્થ સમાજ, રાજ્ય અને દેશના નિર્માણમાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. રાજ્ય સરકારે સમાજના દરેક વર્ગની સાથે મહિલાઓના જન્મથી લઈને મૃત્યુ સુધી ગુણવત્તાસભર આરોગ્ય મળી રહે તે માટે અનેક કલ્યાણકારી પગલાંઓ લીધાં છે. રાજ્યમાં માતા મરણ અને બાળ મરણ દર ઘટાડવા, જેંડર રેશીયોનું ધ્યેય હાંસલ કરવા તથા જાતીય પ્રમાણની અસમાનતા ઘટાડવાના લોકકલ્યાણકારી ઉદ્દેશો હાંસલ કરવા સગર્ભા અને ધાત્રી માતાઓ માટે ચિરંજીવ યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની સુરક્ષા યોજના, પોષણસુધા યોજના, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, કિશોરી શક્તિ યોજના, સુપોષણ સંવાદ તથા મિશન ઈન્દ્રધનુષ જેવી અનેક યોજનાઓ વડે સુરક્ષિત માતૃત્વ તથા અન્ય આરોગ્ય સેવાઓ અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચાડી રાજ્યની તમામ મહિલાઓને ગુણવત્તાસભર આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલું રાષ્ટ્રીય પોષણ અભિયાન દેશમાં મહિલા અને બાળકોમાં પોષણની સ્થિતિ સુધાર લાવવાનું મહત્વનું પરિબળ બનીને ઉભરી આવ્યું છે. મહિલાઓ અને બાળકોના આરોગ્ય અને પોષણની જરૂરીયાતને ધ્યાને રાખીને રાજ્ય સરકારે આંગણવાડી તેમજ અન્ય પાયાને સ્પર્શતી યોજનાઓના સુચારૂ ક્રિયાન્વયન ઉપર ધ્યાન કેંદ્રિત કર્યું છે. આ યોજનાઓ દ્વારા તેમના જીવનચક્રના બધા જ તબક્કાઓ ઉપર ભાર મૂકી સમતુલિત શારીરિક અને માનસિક વિકાસ સુનિશ્ચિત કરવાની સરકારની નેમ છે. જીવનના દરેક તબક્કે મહિલાઓના આરોગ્ય તેમજ પોષણની કાળજી તંદુરસ્ત ભાવિ માટે જરૂરી છે.

ટેક હોમ રેશન

આજે વિકસિત ગુજરાતની વિભાવના સાકાર થઈ રહી હોય એમ લાગે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે નારીશક્તિના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટેનો બહુપાંખીયો વ્યૂહ અમલમાં મૂક્યો. મહિલા સશક્તીકરણ માટે વીસમી સદીના અંતમાં ગુજરાત જે સમસ્યાઓ સંકટો અને પ્રતિકૂળતાઓ સામે ઝઝૂમતું હતું, તેનો કાયમી ઉકેલ રાજ્ય સરકારની છેલ્લા બે દાયકાની પરિણામલક્ષી કાર્ય યોજનાઓ અને વાઇબ્રંટ ગુજરાતના સફળ આયોજને આપ્યો છે. ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (જીઢ્ઢ) પૈકી, જીઢ્ઢ-પનો હેતુ સમાજમાં સમાનતા હાંસલ કરવાનો અને મહિલા તથા દીકરીઓ વિરુદ્ધના તમામ ભેદભાવને સમાપ્ત કરીને તમામ મહિલાઓને સશક્ત બનાવવાનો છે. જાતિગત સમાનતા એ માત્ર મૂળભૂત માનવ અધિકાર નથી, પરંતુ ટકાઉ અને ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ અગત્યની બાબત છે. 'આઇસીડીએસ યોજના' અંતર્ગત રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક ફેડરેશન(અમૂલ)ના માધ્યમથી જિલ્લા ડેરીને ટેક હોમ રેશનના ઉત્પાદન અને આંગણવાડી સુધી વિતરણની જવાબદારી આપવામાં આવી છે.

'સંકલિત બાળ વિકાસ યોજના' હેઠળ આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન અઠવાડિયામાં છ દિવસ આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ઋતુ પ્રમાણે તાજાં ફળ પણ આપવામાં આવે છે. ટેક હોમ રેશન અને ગરમ તાજું ભોજન ૬ માસથી ૬ વર્ષના બાળકો અને સગર્ભા, ધાત્રી માતાઓને આપવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં દર વર્ષે સરેરાશ ૪૦.૬૬ લાખ લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવ્યો છે.

ટ્રેકીંગ સિસ્ટમથી સજ્જ છે ટીએચઆર

રાજ્યની આંગણવાડી સુધી પહોચતા ટેક હોમ રાશનની ગુણવત્તા અને સમયબદ્ધતા જાળવવા માટે ટ્રેકીંગ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. જેમાં ટેક હોમ રાશનનાં ઓર્ડરથી લઈ ડિલીવરી સુધી તમામ સ્તરે તેને ઓનલાઈન ટ્રેક કરવામાં આવી રહી છે

ફોર્ટીફિકેશન

તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને સાંકળીને ઘઉંનું ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ લોટ બનાવવાની કામગીરી ઝ્ઝસ્સ્ઘ્ -આણંદને આપવામાં આવી છે. રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રના ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી પર અપાતા ગરમ નાસ્તા માટે વપરાતા ચોખાને ફોર્ટીફાઇડ કરી આપવામાં આવે છે. રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં વિટામીન-એ અને વિટામીન-ડીથી ફોર્ટીફાઈડ કરેલ સીંગતેલ પૂરું પાડવામાં આવે છે.

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાવર્ષ ૨૦૨૨-૨૩થી ૧૦૦૦ દિવસ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલી પહેલી વખતની સગર્ભા માતા હોય ત્યારથી બાળક ૨ વર્ષ સુધીનું ન થાય ત્યાં સુધી બાળકોની માતાને દર માસે એક્સ્ટ્રા રેશનમાં ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા, ૧ કિલો ફોર્ટીફાઇડ સીંગતેલ આપવામાં આવે છે.

# રાજસ્થાનમાં ૧૨ કેબિનેટ સહિત ૨૨ મંત્રીઓએ શપથ લીધા



રાજસ્થાનમાં ભજનલાલ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. રાજ્યપાલ કલરાજ મિશ્રાએ ૨૨ મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા. જેમાં ૧૨ કેબિનેટ અને ૫ રાજ્ય મંત્રીઓ (સ્વતંત્ર હવાલો), ૫ રાજ્ય મંત્રીઓનો સમાવેશ થાય છે.કિરોડી લાલ મીણા, રાજ્યવર્ધન સિંહ રાઠોડને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને બે ડેપ્યુટી સીએમ સહિત સરકારમાં મંત્રીઓની સંખ્યા હવે ૨૫ થઈ ગઈ છે. ક્વોટા પ્રમાણે રાજસ્થાનમાં ૩૦ મંત્રી બની શકે છે, હવે ૫ મંત્રીઓની જગ્યા ખાલી છે.ભાજપે શ્રીકરણપુર સીટ પરથી પોતાના ઉમેદવાર સુરેન્દ્ર પાલ સિંહ ટીટીને મંત્રી બનાવ્યા છે. દેશમાં આ પહેલો કિસ્સો છે જ્યારે ચાલી રહેલી ચૂંટણી વચ્ચે કોઈ ઉમેદવારને મંત્રી બનાવવામાં આવ્યા હોય. કોંગ્રેસના ઉમેદવાર ગુરમીત સિંહ કુન્નરના મૃત્યુને કારણે શ્રીકરણપુર સીટ માટે ચૂંટણી રદ કરવામાં આવી હતી, ત્યાં ૫ જાન્યુઆરીએ મતદાન છે. નિયમો અનુસાર, કોઈપણ પુખ્ત ભારતીય નાગરિક ધારાસભ્ય બન્યા વિના છ મહિના સુધી મંત્રી રહી શકે છે.કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધાઃ કિરોડીલાલ મીણા, ગજેન્દ્ર સિંહ મીણા, રાજ્યવર્ધન સિંહ રાઠોડ, બાબુલાલ ખરાડી, મદન દિલાવર, જોગારામ પટેલ, સુરેશસિંહ રાવત, અવિનાશ ગેહલોત, જોરારામ કુમાવત, હેમંત મીણા, કન્હૈયાલાલ ચૌધરી, સુમિત ગોદારા.રાજ્યસભાના સાંસદ હોવા છતાં, તેઓ રાજસ્થાનમાં કોંગ્રેસના શાસન દરમિયાન સૌથી વધુ અવાજ ઉઠાવતા હતા. પેપર લીકથી લઈને દરેક મુદ્દે રસ્તા પરના વિરોધ સુધી, સંસદથી લઈને દરેક મોરચે ઘેરાબંધી. તેઓ જી સમુદાયના દિગ્ગજ ચહેરા તરીકે ઓળખાય છે. સ્પષ્ટપણે બોલવા અને મુદ્દા ઉઠાવવા માટે જાણીતા છે. સંઘ સાથે સંકળાયેલા છે, ઈમરજન્સી વખતે જેલમાં ગયા હતા. પૂર્વ રાજસ્થાનના રાજકીય સમીકરણો સાધ્યા છે. તેઓ શપથ લેનાર પ્રથમ વ્યક્તિ હતા અને તેમને સૌથી સીનિયર મંત્રી તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું.ગજેન્દ્ર સિંહ ખિંવસર વસુંધરા રાજેની બંને સરકારમાં મંત્રી હતા. તેઓ અગાઉની વસુંધરા સરકારમાં કેબિનેટ મંત્રી હતા, તેમને બીજી વખત કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. ગજેન્દ્ર ખિંવસર વસુંધરા રાજેના નજીકના માનવામાં આવે છે. તેમને મંત્રી બનાવીને મારવાડના રાજકીય સમીકરણો ઉકેલવા ઉપરાંત પક્ષના આંતરિક સમીકરણો પણ ઉકેલાયા છે.રાજ્યવર્ધન સિંહ રાઠોડ કેન્દ્રમાં મંત્રી રહી ચૂક્યા છે. બે વખત સાંસદ રહ્યા. પહેલીવાર ધારાસભ્ય બનીને કેબિનેટ મંત્રી બનાવીને બે સંદેશો આપ્યા છે. ભૂતપૂર્વ આર્મી ઓફિસર અને ઓલિમ્પિક ચેમ્પિયનને કેબિનેટ મંત્રી બનાવીને સંદેશો આપવામાં આવ્યો છે. જ્ઞાતિના સમીકરણોની વાત કરીએ તો રાજપૂત વર્ગમાંથી ઉભરતા ચહેરાને મહત્વ આપવાનો સંદેશ આપવામાં આવ્યો છે. તેઓ હાઈકમાન્ડના નજીકના ગણાય છે. તેઓ કેબિનેટમાં સામેલ રાજધાનીના ચોથા નેતા છે. સીએમ ભજનલાલ, ડેપ્યુટી સીએમ દિયા કુમારી, પ્રેમચંદ બૈરવા પછી તેઓ ચોથો ચહેરો છે જે જયપુરના છે.ઝાડોલના ધારાસભ્ય બાબુલાલ ખરાડીને મંત્રી બનાવીને તેમના જેવા સામાન્ય માણસને મંત્રી બનાવી આદિવાસી વિસ્તારની જનતાને સંદેશો આપ્યો છે. ખરાડીઓ આજે પણ માટીના કાચા મકાનમાં રહે છે. ગઈ વખતે તેઓ રાજસ્થાન વિધાનસભાના શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકે પસંદ થયા હતા. તેમની ગણના આદિવાસી વિસ્તારના જાગૃત અને જમીની નેતા તરીકે થાય છે.

મદન દિલાવરની ગણના ભાજપમાં હિન્દુ ચહેરા તરીકે થાય છે. સ્પષ્ટવક્તા અને ઉગ્ર બોલવા માટે જાણીતા. તેઓ પાર્ટીનો મુખ્ય દલિત ચહેરો છે. ભૈરા સિંહ શેખાવત સરકાર અને વસુંધરા રાજે સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. વિધાનસભામાં વિપક્ષમાં રહીને તેઓ ખૂબ જ અવાજ ઉઠાવતા રહ્યા છે. આરએસએસ સાથે સંકળાયેલા છે અને અન્ય હિન્દુ સંગઠનોમાં પણ સતત સક્રિય રહ્યા છે. દિલાવર પાર્ટીનો મુખ્ય દલિત ચહેરો છે, હડોટીના રાજકીય સમીકરણો ગોઠવાઈ ગયા છે.પટેલને મારવાડ સમુદાયના સ્પષ્ટવક્તા અને શિક્ષિત ચહેરા તરીકે તક આપવામાં આવી છે. આંજના અને પટેલ ભાજપની વોટબેંક ગણાય છે. હાઈકોર્ટમાં વરિષ્ઠ વકીલ રહી ચૂક્યા છે. મારવાડમાં પાર્ટીની વોટ બેંક અને ઓબીસી વર્ગોને પ્રતિનિધિત્વ આપવાનો સંદેશ છે. પટેલ વસુંધરા રાજે સરકાર દરમિયાન સંસદીય સચિવ રહી ચૂક્યા છે. તેઓ સંસદીય બાબતોમાં સારી રીતે જાણકાર માનવામાં આવે છે.ચાલી રહેલી ચૂંટણી વચ્ચે એક ઉમેદવારને મંત્રી બનાવીને દેશમાં એક નવો દાખલો બેસાડ્યો છે. શ્રીકરણપુર સીટ પર કોંગ્રેસના ઉમેદવાર ગુરમીત કુન્નરના મૃત્યુ બાદ ચૂંટણી રદ કરવામાં આવી હતી, આ સીટ પર ૫ જાન્યુઆરીએ મતદાન છે. સુરેન્દ્ર પાલ સિંહ ટીટી શ્રીકરણપુરથી ભાજપના ઉમેદવાર છે અને હવે સ્વતંત્ર હવાલો સાથે રાજ્યમંત્રી બન્યા છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નંઃ૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું